Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Multi-Disciplinary - ISSN : 2279-0268

Continuous Issue - 24 | May – June 2018

# હિમાંશી શેલતની 'અંધારી ગલીમાં સફેદ ટપકાં' વાર્તામાં વિધવા જીવનની કરસ્થિતિનું આલેખન

ગુજરાતી સાહિત્યમાં ટૂંકીવાર્તાનું ખેડાણ સારું એવું થયું છે. વાર્તાનું સ્વરૂપ ઘણું પુરાણું છે. પ્રાચીન વાર્તા અને આજની ટૂંકીવાર્તામાં ભિન્નતા છે. ટૂંકીવાર્તામાં મર્યાદિત ફલક પર લેખકે પોતાનું કૌશલ્ય બતાવવાનું હોય છે. ધૂમકેતુથી માંડીને અત્યાર સુધીના ઘણા બધા સર્જકોએ વાર્તાલેખનક્ષેત્રે પોતાની કલમ અજમાવી છે. આધુનિકતાવાદી સાહિત્યની વિશેષતાઓને તેમજ તેની મર્યાદાઓને ધ્યાનમાં લઈને સર્જનક્ષેત્રે સક્રિય થયેલા અગ્રણી વાર્તાકારોમાંના એક એવા હિમાંશી શેલતનો જન્મ ૮ જાન્યુઆરી, ૧૯૪૭ના રોજ થયો હતો. તેમનું વતન સૂરત છે. તેમના ત્રણ વાર્તાસંગ્રહો (૧)'અંતરાલ', (૨)'અંધારી ગલીમાં સફેદ ટપકાં' અને (૩) 'એ લોકો' છે.

પ્રસ્તુત વાર્તા 'અંધારી ગલીમાં સફેદ ટપકાં'માં ઉત્તર ભારત અને નેપાળના પ્રવાસ અર્થે નીકળેલી 'એ' પોતાની બે ખાસ સહેલીઓને મળવા માટે જાય છે અને ત્યાં અંધારી ગલીઓમાં તેમજ 'ભાગીરથી કલ્યાણધામ'માં 'એ' જે સ્થિતિ જુએ છે, જે કંઈ અનુભવે છે તેનું વાસ્તવલક્ષી આલેખન થયેલ છે. અહીં નાયિકાનું કોઈ નામ આપ્યું નથી. 'એ' અંધારી, સાંકડી અને ગંદી એવી વાંકી-ચૂકી ગલીઓમાંથી જેમતેમ કરીને પસાર થઈ છેવટે પેલા મઠમાં જઈ જે પરિસ્થિતિ જુએ છે તેનું તાદ્રશ્ય વર્ણનચિત્ર અહીં રજૂ થયેલું છે.

પોતાની સહેલીઓને મળવા માટે 'ભાગીરથી કલ્યાણ ધામ' જવા 'એ' નીકળે છે. પરંતુ ત્યાંની અંધારી ગલીઓમાં જ ફસાઈ જાય છે. તેને ગોવર્ધનધામ, ચિત્રકૂટ તેમજ શ્યામવિહાર મળે છે પરંતુ 'ભાગીરથી કલ્યાણધામ' મળતું નથી. તે આસપાસ નજર કરે છે તો ચારેતરફ ફેલાયેલું ગંદુ પાણી પગમાં આવતું જણાતાં તે પોતાની સાડીને ઉંચકી લે છે અને જુએ છે તો સાંકડી ગલીઓના મકાનોની બારીઓ પણ બંધ હતી. એક તરફ રસ્તો ખૂબ સાંકડો હતો ને એમાં સામેથી આવતી ગાયોના કારણે વાગી જવાના ભયે તે એકતરફ થઈ જાય છે અને એટલામાં સામેથી આવતા કોઈ બ્રાહ્મણને તે ભાગીરથી કલ્યાણધામ વિશે પૂછે છે. અહીં આ વર્ણન પરથી ખ્યાલ આવે છે કે ભાગીરથી કલ્યાણધામ સુધી પહોંચવાનો રસ્તો કેટલો મુશ્કેલીભર્યો છે. પેલો બ્રાહ્મણ તેને રસ્તો બતાવે છે. આગળ ને આગળ પ્રકાશને અનુસરતી 'એ' જાય છે અને જેમ ગલીમાં આગળ વધે છે તેમ પ્રકાશ ઓછો થતો જાય છે અને ગલી અંધારી થતી જાય છે. જેમતેમ કરીને તે ગલીમાંથી બહાર નીકળે છે. અહીં આપણે જાણી શકીએ છીએ કે કેટલી વિકટ એવી સ્થિતિમાંથી તેને પસાર થવાનું થાય છે. ભાગીરથી કલ્યાણધામ જવાનો રસ્તો એવો છે કે જે કોઈ પણ વ્યક્તિને ગૂંગળાવી મૂકે. 'એ' ત્યાંથી બહાર નીકળે છે અને ઊંડો શ્વાસ લે છે ત્યાં વિચારે છે કે એવી કેવી જગ્યા હતી કે જ્યાં હવા પણ નહોતી? અર્થાત્ કે ખૂબ વિચિત્ર એવી જગ્યામાંથી પોતે પસાર થઈ હતી અને માત્ર ક્ષણિક એવા માર્ગમાંથી પસાર થતાં તે રૂંધામણ અનુભવવા લાગી હતી. ધીમેધીમે આગળ વધતાં એક મકાન પાસે જઇને ત્યાંના ઓટલા પાસે બેસવાનું તેને મન થાય અને ત્યાં તે નામ વાંચે છે અને તેને થાય છે કે એની બંને સહેલીઓ પાર્વતી અને સુલક્ષણા તેને ત્યાં જ મળી જશે.

મકાનમાં અંદર પ્રવેશે છે ત્યાં કોઈ સ્ત્રી ચંપલ બહાર કઢાવીને થેલી પણ બહાર મૂકાવે છે કદાચ એ પણ ત્યાંના નિયમ અનુસાર જ. અંદર પ્રવેશ્યા બાદ 'એ' જે દ્રશ્ય જુએ છે તે: "બે કાગડા બળી ગયેલી દિવેટની ખેંચાખેંચમાં પડ્યા હતા. જમણી તરફ મંજીરાં અને તબલાં પરની ઠોકાઠોકથી કંઈ ભજન કીર્તનની તૈયારી થતી હોય એવું લાગ્યું." (સં.મણિલાલ હ પટેલ, 'હિમાંશી શેલતની વાર્તાસૃષ્ટિ',પૃ.૧૧૨) આમ, 'એ' અંદર પ્રવેશતાં જ કોઈ અલગ જ પ્રકારનું દ્રશ્ય જુએ છે. તેનાથી આગળ વધે છે અને જુએ છે તો: "એક મોટા ખંડમાં શેતરંજી પર સફેદ રંગનાં નાનાં મોટાં ટપકાં ગોઠવાયાં હતાં." (સં.મણિલાલ હ પટેલ, 'હિમાંશી શેલતની વાર્તાસૃષ્ટિ',પૃ.૧૧૨) થોડી જ વારમાં ત્યાંથી એકાએક 'શ્રી કૃષ્ણ શરણંમમ્'ના ઉચ્ચારથી ભજનની શરૂઆત થાય છે. થોડીક ક્ષણો બાદ આવતો તાળીઓનો અવાજ તેને જાણે કે કોઈ માર વાગ્યો હોય એવો લાગે છે. આસપાસનું કશું જ ન સંભળાતું હોય એવી સ્થિતિમાં તે મૂકાઈ જાય છે. અહીં 'એ' પોતે જે સ્થિતિમાં મૂકાઈ છે તે સામાન્ય સ્થિતિ કરતાં ઘણી અલગ જણાય છે તેથી જ તે ત્યાં અનુકૂલન સાધી શકતી નથી અને અકળાઈ જાય છે.

અકળાવી મૂકે એવી પરિસ્થિતિમાં પોતાની બે સહેલીઓ પાર્વતી અને સુલક્ષણા વિશે કોને પૂછવું એવી દ્વિધામાં મૂકાઈ જાય છે અને તરસ લાગતાં ત્યાં રસોડું શોધી અંદર પાણી પીવા માટે પ્રવેશે છે. ત્યાં જતાં જ 'એ' જુએ છે તો રસોઈ બનતી હતી ત્યાં મોટા તપેલાઓ પાસે જે સ્ત્રીઓ બેસેલી હતી તે માત્ર સફેદ વસ્ત્રોમાં સજ્જ હતી. ત્યાં સફેદ રંગ સિવાય બીજું કંઈ જ દેખાતું નહોતું. અંદર જઇને 'એ' પાણી પી લે છે સાથે જ પોતાની બે સહેલીઓ પાર્વતી અને સુલક્ષણા વિશે પણ પૂછી લે છે અને એટલું પૂછતાં જ કોઈ સફેદ વસ્ત્રવાળી સ્ત્રી કહે છે: "વો જીસકા મરદ દંગે મેં મરા" (સં.મણિલાલ હ પટેલ, 'હિમાંશી શેલતની વાર્તાસૃષ્ટિ', પૃ.૧૧૨) અને પછી તે કોઈક બીજી સ્ત્રીને પૂછે છે ત્યાં તે તેને અંદર બોલાવે છે. તે એક નાની ઓરડીમાં પ્રવેશે છે અને આસપાસ જુએ છે તો: "અગરબત્તી, ફોટાઓ અને પાદુકાઓ, માળા, ચોપડીઓ, એક ખૂણે માટલી, બાજુમાં કાંસકો." (સં.મણિલાલ હ પટેલ,'હિમાંશી શેલતની વાર્તાસૃષ્ટિ',પૃ.૧૧૨) થોડીક વાર પછી આસપાસ જોતાં તેને ફર્શ પરથી એક મોટું સફેદ વાદળ ઉઠ્યું હોય એવું દેખાય છે અને એ વિખેરાતા વાદળનો ફડફડાટ પણ. સાથે જ 'એ' વિચારે છે કે હમણાં જ તેની બે સહેલીઓ પાર્વતી અને સુલક્ષણા પણ દોડતા આવી જશે. અહીં સ્ત્રીઓનું સફેદ વસ્ત્રોમાં સજ્જ જે એક ટોળું છે તેને વાદળની ઉપમા આપી છે અને તેના દ્વારા તે સ્ત્રીઓનું જીવન કેવું રંગહીન છે તેઓ ખ્યાલ આવે છે.

થોડીક વાર પછી પાર્વતી અને સુલક્ષણાના એકદમ નંખાઈ ગયેલા શરીર અને સાવ સૂકી થયેલી ગયેલી આંખો જોતાં તેમને પૂછે છે: "કેમ છો, શું કરો છો અહીં આખો દિવસ?" (સં.મણિલાલ હ પટેલ,'હિમાંશી શેલતની વાર્તાસૃષ્ટિ',પૃ.૧૧૩) ત્યાં તે બંને જણાવે છે: "બસ, ભજન-કીર્તન, કથા સ્વાધ્યાય, પાઠ-પૂજા, દિવસ પસાર થઈ જાય. વારા પ્રમાણે રસોઈ, સફાઈ એવું બધું કામ પણ ખરુંને... વચ્ચે રામાયણ જોયેલું. વીડિયો કેસેટ લાવેલાં." (સં.મણિલાલ હ પટેલ,'હિમાંશી શેલતની વાર્તાસૃષ્ટિ',પૃ.૧૧૩) બીજી તરફ બારી બહાર જુએ છે ત્યાં 'એ' કેટલીય સ્ત્રીઓનાં ટોળાને નદી તરફ જતાં જુએ છે એમાં ખાસ કરીને સફેદ વસ્ત્રોમાં સજ્જ સ્ત્રીઓના ઉલ્લેખમાં લેખિકાએ અહીં સફેદ ટપકાંનો ઉલ્લેખ કર્યો છે. ત્યારબાદ તેને આસપાસનું બધું બતાવવાની વાત કરવામાં આવે છે પરંતુ ઈચ્છા ન હોવા છતાં છેવટે તે જાય છે: "આ રસોડું, અહીં કીર્તન થાય, કથા બેસે, આઠમની ઉજવણી વખતે અહીં" આટલું સાંભળતા અચાનક જ તેનું મન તે વાતોમાંથી ખસી જાય છે. એ સમયગાળા દરમિયાન સુલક્ષણા મુનિયા વિશે કોઈ જ પૂછપરછ કરતી નથી. થોડીવારમાં પાર્વતી ત્યાં પાછળ રહેલી ખુલ્લી જગ્યામાં ટૂંક સમયમાં ચાર માળવાળું મકાન બનવાની વાત કરે છે અને સાથે જ કહે છે: "મૈયા કહે છે કે આ બધી નાની ઉંમરની છે, છડેછડી, બચ્ચાવાળી ઓછી છે, એટલે કરવું તો પડે જ કંઈક. ધરમધ્યાનમાં જીવન પૂરું થાય એ સારું. બીજા જનમમાં આવું દુઃખ ન આવે. અહીં તો બાકી બધી વાતે સારું છે." (સં.મણિલાલ હ પટેલ, 'હિમાંશી શેલતની વાર્તાસૃષ્ટિ',પૃ.૧૧૩)

આટલું સાંભળ્યા પછી તેને વાળ સરખા કરવા અરીસાની જરૂર પડે છે પરંતુ ત્યાં ક્યાંય અરીસો ન દેખાતાં તે એમનેમ જ સરખા કરી દે છે. ત્યાં પાર્વતી દ્વારા તેને પૂછાતા પ્રશ્ન ',રોકવાનાં નથી?' એના પ્રત્યુત્તરમાં 'એ' જણાવે છે કે, તેની સાથે ઘણા બધાં છે. તે બધા સાથે ટૂરમાં આવી છે. બીજા દિવસે સમય મળશે તો આવશે.

થોડીકવાર પછી 'એ' જુએ છે તો ત્યાં દાદર નજીક સફેદ વસ્ત્રોમાં સજ્જ, માથે મુંડન કરેલ કોઈ સ્ત્રી માળા ફેરવતી હતી. ત્યાં 'એ' એવું અનુભવે છે કે, આસપાસ એવો ઘેરો અંધકાર હતો કે તે સ્ત્રીના વસ્ત્રો જો સફેદ રંગના ન હોત તો તે આકારને જોઈ શકાય નહીં. બાજુમાં કોઈ નાદાન જણાતી, સૂરોમાં તાલ બેસાડવા મથતી છોકરી હસતી હતી ને ઘડીકવારમાં તેને રસોડામાં બોલાવી લેવામાં આવતાં ત્યાંથી દોડતી જાય છે અને ક્ષણવારમાં તો તે ક્યાંય ખોવાઈ જતી ભાસે છે. અહીં આવેલી 'એ' પોતે આવી વિચિત્ર પરિસ્થિતિમાંથી પસાર થતાં એક અલગ જ એવો અનુભવ કરે છે. તે જુએ છે:

"જાજમ પર પચાસેક સ્ત્રીઓ થીજી ગઈ હતી. ધૂળ ખાતી પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિઓ જ દેખાય. એ બધી ત્યાં બેઠી બેઠી શું કરતી હશે એ જોવાની ઈચ્છા થઈ આવી, પણ પછી પાસે જવાનો ડર લાગ્યો, કોઈ હાલતું ચાલતું નહોતું એટલે હોય કદાચ." (સં. મણિલાલ હ પટેલ, 'હિમાંશી શેલતની વાર્તાસૃષ્ટિ',પૃ.૧૧૪)

અહીં એવો ખ્યાલ આવે છે કે, એક પાથરણા પર પચાસ જેટલી સંખ્યામાં બેસેલી એ સ્ત્રીઓના સફેદ વસ્ત્રો અને હલનચલનવિહિન સ્થિતિને લેખિકાએ નિર્જીવ એવી કોઈ 'પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિઓ'ની ઉપમા આપી છે. પ્રસ્તુત વાક્યમાં કેટલી વક્રતા રહેલી છે કે જે સ્ત્રીઓ જીવિત છે તે જીવિત હોવા છતાં પણ તેમની ભીતરની જે લાગણીઓ છે, સંવેદનાઓ છે તે એટલી હદે મરી પરવારી છે કે તેઓ માત્ર નિર્જીવ મૂર્તિ સમાન ભાસે છે.

ત્યાંથી આગળ 'એ' એક બીજું દ્રશ્ય જુએ છે ત્યાં: "પાર્વતીએ એક આકાર ભણી આંગળી ચીંધી. મૈયા... ભારે ભારે પોપચાં, ચહેરાની રેખાઓ થોથરમાં પૂરેપૂરી દબાઈ ગયેલી. લઈને ચાલતાં તકલીફ પડે એવું શરીર, ખૂબ ઊજળો વાન." (સં.મણિલાલ હ પટેલ,'હિમાંશી શેલતની વાર્તાસૃષ્ટિ',પૃ.૧૧૪) આ જે સ્ત્રી મૈયા હતી તેનો પતિ કારણ વગર જ અન્યની ભૂલના કારણે મૃત્યું પામ્યો હતો અને તેથી તેને પણ પોતાનું બાકીનું જીવન અહીં જ ગાળ્યું હતું. આ પરિસ્થિતિમાંથી એકાએક બહાર નીકળી જતી નાયિકા સામેની દીવાલ તરફ દ્રષ્ટિ નાખે છે તો તેને એક દ્રશ્ય જોવા મળે છે કે, સાવિત્રી યમરાજ પાસેથી પોતાના પતિને છોડાવી લાવે છે અને ત્યાં યમરાજના હાથમાંથી નીકળતા પ્રકાશના તેજના ઘેરા રંગને જોઈને તે અંજાઈ જાય છે અને ત્યારબાદ ત્યાંથી નીકળવા જતી હોય છે ત્યાં પાછળથી આવતી સુલક્ષણા તેને મુનિયા વિશે પૂછે છે અને ત્યાં નાયિકા એનો ફોટો લાવી હોત તો સારું થાત એવા વસવસા સાથે જ ટપાલ મોકલી આપવાનું વિચારે છે. ત્યાંથી નીકળે છે ત્યારે પાર્વતી કહે છે: "અહીં બે ચાર દિવસ રહેવું હોય તો સગવડ થઈ શકે. શાંતિથી ભજન કીર્તનમાં વખત સારો જશે. ગમશે તમને..." (સં. મણિલાલ હ પટેલ,'હિમાંશી શેલતની વાર્તાસૃષ્ટિ',પૃ.૧૧૫)

બહાર નીકળી જતી નાયિકા જ્યારે પાછળ ફરીને જુએ છે તો સફેદ રંગ તેને હજી પણ થોડોક જોવા મળે છે. ત્યાંથી આગળ નીકળે છે ત્યાં તેની સામે કોઈ પીળાવસ્ત્રવાળો વ્યક્તિ આવીને તેને ચંદનનું તિલક કરી નાખે છે અને ત્યાં 'એ' બેધ્યાન અવસ્થામાં એકાદ સિક્કો તેને આપે છે અને ત્યાંથી પાછી ફરતી તે અરીસામાં પોતાને જુએ છે તો જે લાલ ઘેરા રંગનો તેનો ચાંલ્લો હતો તે ફિક્કો દેખાઈને ઢંકાઈ જતો હોવાની એક વિચિત્ર એવી અનુભૂતિ સાથે વાર્તાનો અંત આવે છે.

પ્રસ્તુત વાર્તા 'અંધારી ગલીમાં સફેદ ટપકાં'માં વિધવા જીવનમાં જે મુશ્કેલીઓ પડે છે, સ્ત્રીઓને સમાજના જડબંધનો, મર્યાદા તેમજ નિયમોના વળગણોમાં રહીને તેમની બાકીની જે જિંદગી છે તે પણ બેરંગપણે જીવવાની જે સ્થિતિ ઊભી થાય છે તેનો ખ્યાલ અહીં સાંપડે છે. માત્ર સમાજની જડ માનસિકતા થકી એ સ્ત્રીનું સમસ્ત જીવન અંધકારમય બની જતું હોય છે. ભજન-કીર્તન તેમજ મોક્ષ પ્રાપ્તિ અર્થે સતત એક જ કાર્યમાં વ્યસ્ત રહેતી, અન્ય રંગોનો ત્યાગ કરી માત્ર સફેદ રંગને જ અપનાવતી અને એજ રીતે પોતાનું શેષ જીવન પણ બેરંગપણે જ જીવતી એવી આ સ્ત્રીઓના જીવનમાંથી સંવેદનાઓ મરીપરવારે છે અને તેથી જ તો જીવિત હોવા છતાં નિર્જીવ ભાસતી એવી આ સ્ત્રીઓને લેખિકાએ 'પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિઓ'ની ઉપમા આપી છે. બીજી વાત કે, સંખ્યાબંધ એવી સફેદ વસ્ત્રમાં સજ્જ સ્ત્રીઓને અહીં 'સફેદ ટપકાં' જેવી દર્શાવી છે. જે રીતે એક ટપકું પોતાના ક્ષેત્ર પૂરતું સીમિત હોય છે એજ રીતે આ સ્ત્રીઓનું જીવન પણ મર્યાદિત છે એવો ભાવ અહીં જન્મે છે. તદ્ઉપરાંત જે 'ભાગીરથી કલ્યાણ ધામ'નો ઉલ્લેખ અહીં થયેલો છે જેમાં પાર્વતી અને સુલક્ષણા સહિતની બધી જ સ્ત્રીઓ છે કે જેઓ વિધવા થયા પછીનું પોતાનું સમગ્ર જીવન ભજન-કીર્તન અને પ્રાર્થનામાં વ્યતીત કરી રહી છે તેમને પોતાના જીવનમાં તેના સિવાય હવે કંઈજ શેષ બચ્યું ન હોવાની પ્રતીતિ થાય છે.

"પોતાની વ્યક્તિમત્તા ખોઈ ચૂકેલાં, અહીંની અંધારી ગલીઓના ગોવર્ધનધામ, કૈલાસધામ, શ્યામવિહાર, ભાગીરથી કલ્યાણધામ, આદિ આશ્રમોમાં મોક્ષાર્થે જપ-તપ-ભક્તિ-દેહદમનનો દાખડો કરી રહેલાં જીવનવિમુખ સાધુ-સાધ્વીઓ હવે સફેદ સફેદ રંગનાં ટપકાંરૂપે જ જીવ્યે જાય છે. મોક્ષ-ભજનકીર્તન, તપસ્યા-તિતિક્ષા વિશેના જરીપુરાણા ભ્રામક ખ્યાલોને સહારે ભવસાગર તરી જવા ઝંખી રહેલાં મુમુક્ષ મનુષ્યોની દયનીય મનોદશા-અવદશાને ઉજાગર કરતી 'અંધારી ગલીમાં સફેદ ટપકાં' એક પ્રભાવક વાર્તા છે." (સં. બાબુ દાવલપુરા, ઉત્પલ પટેલ, 'ગુજરાતી વાર્તાસૃષ્ટિ',પૃ.૧૮૭)

નારી જીવનની જે લાચારી છે તેનો ખ્યાલ અહીં આ વાર્તામાં સાંપડે છે. એક સ્ત્રી વિધવા થાય પછી તેના માટે ભક્તિ સિવાયનો કોઈ જ માર્ગ બાકી ન રહેવાની એવી વિચારસરણીને લઈને તે પોતાની જાતને મોક્ષ મેળવવા પૂરતી મર્યાદિત કરી મૂકે છે તેનો પડઘો અહીં સંભળાય છે. 'ભાગીરથી કલ્યાણ ધામ'માં કોઈ જ અરીસો નહોતો તેમાંથી પણ એક એવો ભાવ વ્યક્ત થાય છે કે, સફેદ વસ્ત્રોમાં સજ્જ, માથે મુંડન અને આભૂષણ રહિત સ્ત્રીને પોતાનો ચહેરો જોવાની કોઈ જરૂર રહેતી નથી. જેનો પતિ જ નથી તેને સાજ શણગાર કોના માટે કરવા? એ હેતુસર ત્યાં કોઈ અરીસો જોવા મળતો નથી. એક અંધકાર અને માત્ર સફેદ રંગ જ એ સ્ત્રીનું જીવન છે અને તેમાંથી વ્યક્ત થતી નરી કરુણતા આ વાર્તાને ઘેરા કરુણરસમાં ડૂબાડે છે. અંતે 'ભાગીરથી કલ્યાણધામ'માંથી બહાર નીકળતી 'એ'ને થતો ફિક્કા ચંદનનો સ્પર્શ એ સૂચક છે કે તે જે સ્થળની મુલાકાત લઈને પાછી ફરી છે ત્યાંનું જીવન પણ ચંદનના ઝાંખા રંગના ચાંલ્લા જેવું જ ફિક્કું, સાવ બેરંગ છે. જ્યાં સ્ત્રીની લાગણીઓ, ઈચ્છાઓને કોઈ જ સ્થાન નથી. આમ, આ વાર્તામાંથી પસાર થતાં વિધવા જીવનની જે કરુણ સ્થિતિ છે તેનો સ્પર્શ થાય છે.

## સંદર્ભ

I. સં.મણિલાલ હ પટેલ, હિમાંશી શેલતની વાર્તાસૃષ્ટિ, ત્રીજી આવૃત્તિ-૨૦૦૫, પાર્શ્વપબ્લિકેશન, અમદાવાદ

II. સં.બાબુ દાવલપુરા, ઉત્પલ પટેલ, ગુજરાતી વાર્તાસૃષ્ટિ, પ્રથમ આવૃત્તિ-૨૦૦૭, અરુણોદય પ્રકાશન, અમદાવાદ

III. સુમનશાહ, કથા સિદ્ધાંત, જાન્યુઆરી-૨૦૦૨, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ

*******************************************************************************

**સોની અમીબેન સંજયકુમાર**
પીએચ.ડી. સ્કોલર
મુલાકાતી વ્યાખ્યાતા
ગુજરાતી વિભાગ
શ્રીમતી સી.સી.મહિલા આર્ટ્સ એન્ડ શેઠ સી.એન.કોમર્સ કોલેજ
વિસનગર

Copyright © 2012 – 2018 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat